ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વધી ગઈ જટા કતારમાં, બાવા બનાવી દીધા!*
*થઈ ગયા બધા ઉધારીયા, બાવા બનાવી દીધા!*
*ને ઘટી ગઈ જરૂરિયાતો, બાવા બનાવી દીધા!*
*છોડાવી દીધો મોહ નાણાંનો, બાવા બનાવી દીધા!*
*(સ્વામી નરેન્દ્રાનંદ કૃપા)*

### હાઈકુ

*ચાલે છે તંત્ર,*
*સુપ્રીમ ફટકારે -*
*માર ખાઈને...*

*લ્યો ! ભ્રષ્ટાચાર,*
*ચાલ્યો'તો 'રિઝર્વ'માં -*
*આવ્યો બહાર...*

### ચિંતન

**શત્રોરપિ વિશિષ્યતે વ્યાધિ:**

રોગ શત્રુ કરતાંયે ભયંકર છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

શત્રુ તો સામેથી પ્રહાર કરે છે અને સંપત્તિ તથા જીવન જ છીનવે છે, જયારે રોગ શરીરની ભીતરથી આક્રમણ કરે છે અને દેહ, પ્રાણ ધન આદિ બધું જ નષ્ટ કરે છે તે કદાચ પ્રાણ ના હરે, પણ શરીરને એટલું તો દુર્બળ બનાવી મૂકે છે કે વ્યક્તિ શત્રુનો સામનો પણ કરી શકતી નથી. આથી શત્રુ કરતાંયે રોગ ભયંકર છે.

સામાન્ય શત્રુ માણસને કંઈ ચોવીસ કલાક પજવતો નથી એને યોગ્ય તક મળે ત્યારે જ ત્રસ્ત કરે છે પણ માણસનો મોટો શત્રુ રોગ છે જે આપણા સરીરની રગેરગમાં ફેલાઈ દરેક ક્ષણ આપણને પીડે છે. આપણે વર્તમાનપત્રોમાં અવારનવાર વાંચતા રહીએ છીએ કે 'દર્દીથી પીડા - વેદના સહન ન થતાં પાંચમે-સાતમે માળેથી કૂદી' 'આત્મહત્યા' કરી. વેદના-પીડા જયારે અસહ્ય થઈ જાય અને વ્યક્તિ નિ:સહાય થઈ જાય ત્યારે આવું પગલું ભરે છે. શત્રુમાં સમજ હોય તો દયા પણ પ્રકટે પણ 'રોગ' શત્રુ કરતાં પણ ભયંકર સ્વભાવનો છે તેને 'દયા' જેવું કંઈ જ નથી.

### સુવિચાર

- શ્રદ્ધા એટલે ઈશ્વરની ઈચ્છા ને નિ:શંક સમર્પણ, લાભથી ખુશ થવાની નહીં અને હાનિથી નાખુશ થવાનું નહિ - **સંત રામદાસ**
- અમલમાં ન મૂકી શકાય તેવા આદર્શની કોઈ કિંમત નથી - **જનકલ્યાણ**
- આપણું કામ બીજાઓને ડાહ્યા બનાવવાનું નથી, પરંતુ પ્રેમથી અને વિનમ્રતાથી માનવમાત્રની સેવા કરી જાતે ડાહ્યા થવાનું છે - **રવિશંકર મહારાજ**
- તમારું અતિમ ધ્યેય શાંતિ છે, તેને પ્રાપ્ત કરવાનો ઉપાય છે ત્યાગ અને સેવા - **સંત ફ્રાન્સીસ**
- વિશ્વાસ શું છે ? સ્વયંની ચિંતા ઈશ્વર પર છોડી દેવી - **રમણ મહર્ષિ**
- સંયમહીન કદાચ સત્યને મેળવી શકે તો પણ તેને જાળવી ન શકે - **અમૃતબિંદુ**
- શિલાલેખ ભૂંસાઈ જાય, પણ સ્મરણલેખ ભૂંસાતા નથી - **કાકાસાહેબ કાલેલકર**
- આજનું ઔષધ : રાત્રે આખા ઘઉં પાણીમાં પલાળી રાખી સવારે વાટી તેમાં સાકર નાખી ખાવાથી પેશાબ છૂટથી થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ નેતાશ્રીઓ પર કરોડો-અબજોની ખાયકીના આરોપ થાય, કેસ થાય, જામીન પર બહાર આવે ત્યારે હાથી પર એમની રેલી નીકળે નકટા થઈ કહે હજુ આરોપ સાબિત કયાં થયો છે?

આઝાદી પહેલાં મોરબીના ઠાકોર સાહેબ મહેન્દ્રસિંહજી લખધીરસિંહજી જાડેજા માટે કોઈ હિતશત્રુએ અફવા ફેલાવી કે ઠાકોર સાહેબે સરકારના એક કરોડ સેરવી લીધા છે - જમા નથી કરાવ્યા. અફવા ફેલાઈ લોકમુખે તાળાં થોડાં દેવાય ?

ઢેબરભાઈ જાત તપાસ માટે આવ્યા અને અફવા વિશે પૃછા કરી - ઠાકોર સાહેબ કહે આ વાત અમે પણ સાંભળી છે કોઈ દુશ્મનીની ચાલ છે વાત તદ્દન કોટી અને અફવા જ છે. સરકાર પંચ બેસાડી તપાસ કરાવી લે પણ અમારા બાપ-દાદાની આબરૂ પર આ છાંટા છે તેથી હું આપને પંચોત્તેર લાખનો ચેક આપું છું હું ત્યારે વિલાયત જાઉં છું બાકીના ૨૫ લાખ હું આવીને ભરપાઈ કરી દઈશ એ મારું વચન છે, પણ એટલી વિનંતી કે આ અંગે તાત્કાલિક તપાસ કરાવી પ્રજા પાસે સત્ય મૂકો, નહીં અમારા વડવા સ્વર્ગમાં બેઠા પણ નારાજ થશે.

# શિયાળુ સત્ર : લોકશાહીની કરૂણાંતિકા

નોટબંધીના વિરોધમાં આખુંયે શિયાળુ સંસદસત્ર કશું પણ કામ કર્યા વગર જ 'સંપન્ન' થઈ ગયું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધાર્યા મુજબ નોટબંધી મુદ્દે વિપક્ષો વચ્ચેની ફાટફૂટ પણ તરીને ઉપર ઊપસી આવી. છેલ્લે એમણે ઈંદિરા ગાંધી અને મનમોહનસિંહ પર પણ આ મુદ્દે પ્રહાર કર્યા. નરેન્દ્ર મોદી એવું પ્રસ્થાપિત કરવા ઈચ્છે છે કે અત્યાર સુધીની તમામ સરકારોમાં ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંને છાવરવાનું જ કામ થયું છે. માત્ર મોદી સરકાર આ મુદ્દે ડાઘરહિત રહી છે અને કાળાં નાણાંને નાથવાનું સાહસિક 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવું પગલું ભરી શકે છે. એમણે હરામની કમાણી વિશે ચાણક્યનું નીતિસૂત્ર ટાંકીને પોતે એનો જ અમલ કરાવી રહ્યાનું ગૌરવ લેવાની તક પણ ઝડપી લીધી. બીજી તરફ વિપક્ષના અનધિકૃત નેતા રાહુલ ગાંધીએ સંસદ બહાર પત્રકાર પરિષદ કરીને મોદીની નોટબંધી પાછળ મોટું કૌભાંડ હોવાના પોતાની પાસે પુરાવા હોવાનો દાવો જરૂર કર્યો - પણ એ પુરાવા સંસદમાં જ રજૂ કરશે, એવી રજૂઆત કરી. રાહુલ ગાંધીને પ્રજા સિરિયસલી લેતાં ખંચકાટ અનુભવે છે. એમણે પોતાને સંસદમાં બોલવા દેવામાં નહીં આવતા હોવાની ફરિયાદ કરી છે. કેજરીવાલે રાહુલ ગાંધીના દાવાને પડકાર્યો નથી, પરંતુ રાહુલ મોદી વિરુદ્ધના ભ્રષ્ટાચારના પુરાવા રજૂ કરતાં અચકાય છે એની પાછળ એમ કરવા જતાં મોદી એમના બનેવી રોબર્ટ વાડરાને જેલ ભેગા કરશે એવો ડર હોવાનું તારણ કાઢ્યું છે. મોદીની નોટબંધીને કારણે માલેતુજારો કરતાં વિશેષ મુશ્કેલી ગરીબોને જ પડી રહી હોવાનું તો અત્ર-તત્ર-સર્વત્ર દેખાઈ રહ્યું છે.

છતાં આશ્ચર્યની વાત છે કે ગરીબો કે લાંબી લાઈનોમાં દિવસો લગી ઊભા રહેનારા મધ્યમવર્ગે કે નીચલી થરના લોકોએ આ મુદ્દે નોંધપાત્ર કહી શકાય એવો વિરોધ કરવાનું પસંદ નથી કર્યું. દેશને મહાસત્તા બનાવવા કેશલેસ ઈકોનોમી અને પ્લાસ્ટિક મની દાખલ કરવાનો આદર્શ સામાન્ય ગ્રામીણ પ્રજા સુધી પહોંચાડતાં વર્ષો લાગી શકે છે. મમતા બેનરજી અને શરદ યાદવ કે મુલાયમસિંહ અને માયાવતી જેવા પ્રાદેશિક નેતાઓ આ મુદ્દે સહમત છે પણ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરવા જતાં રાહુલ ગાંધીની સાથે જૂજ લોકો જોડાય છે. ડાબેરીઓ પણ એમની નેતાગીરી સ્વીકારવા સંમત નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી મુદ્દે એમના કટ્ટર પ્રતિસ્પર્ધી ગણાતા નીતીશકુમારના સમર્થનની પ્રશંસા કરી છે.

ટૂંકમાં આ મુદ્દે વિપક્ષને અલગ-થલગ પાડવામાં વડાપ્રધાનને સફળતા સાંપડી છે. શિયાળુ સત્ર દરમિયાન માત્ર હોબાળો જ થતો રહ્યો અને કશા કામકાજ વગર સત્ર પૂરું થયું એથી વરિષ્ઠ સાંસદ

*તંત્રીસ્થાનેથી...*

અડવાણીને ભારે વ્યથા પહોંચી છે. એમણે આ મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ - બેઉને લપડાક લગાવી છે. પરંતુ હવે અડવાણીના અરણ્ય રૂદનને પણ કોઈ ગંભીરતાથી લેવા તૈયાર હશે કે કેમ તે પ્રશ્ન છે. ભારતીય લોકશાહીની આ કરૂણાંતિકા આખરે તો પ્રજાનાં નાણાંનો દુર્વ્યય કરનારી જ સાબિત થઈ છે.

# કુદરતીની અણમોલ ભેટ - પશ્ચિમ ઘાટ




આપણાં ગુજરાત રાજયની તાપી નદીના દક્ષિણ ભાગમાંથી પ્રારંભ થતો અને તામિલનાડુ રાજયના કન્યાકુમારી ભાગમાં પૂર્ણ થતો પર્વતીય ભાગ કે ઘાટ 'પશ્ચિમ ઘાટ' તરીકે જાણીતો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટકા, કેરાલા, તામિલનાડુ, એમ ૬ રાજયોના એટલે કે ભારત દેશના દ્વિપકલ્પ ભાગ અને પશ્ચિમ દરિયાકાંઠા અરેબિયન સમુદ્રના સમાંતર આ ઘાટ આવેલ છે.

દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટ તથા અરબી સમુદ્રની વચ્ચેના ભાગમાં આવેલ સાંકડા ઉત્તરીય ભાગને કોંકણ તરીકે ઓળખવામાં આવે છે. જે મહારાષ્ટ્ર અને કર્ણાટકાનો વિસ્તાર છે. જયારે પશ્ચિમ ઘાટના મધ્યભાગને કનારા અને દક્ષિણ ભાગને માલાબાર તરીકે ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્ર રાજયના પશ્ચિમ ભાગના તળેટી ભાગને 'દેશ' અને પૂર્વીય તળેટી ભાગને અને કર્ણાટકા રાજયના મધ્યભાગને 'માલેનાડ' તરીકે ઓળખવામાં આવે છે.

પશ્ચિમ ઘાટની સરેરાશ ઊંચાઈ ૧૨૦૦ મીટર (૩૯૦૦ ફૂટ) જેટલી છે. આ ભાગમાં ૪૦થી વધુ ટેકરીઓ આવેલી છે જે ૧૧૦૦ મીટર (૩૬૦૦ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવે છે. અનામુડી, કર્ણાટકા રાજયની ઊંચામાં ઊંચી ટેકરી છે તેની ઊંચાઈ ૨૬૯૫ મીટર (૮૮૪૨ ફૂટ) છે. આ પર્વતમાળાના મહારાષ્ટ્ર અને કર્ણાટકા ભાગને 'સહ્યાદ્રી પર્વતમાળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. સહ્યાદ્રીનો અર્થ 'પરોપકારી / હિતકારી પર્વતો' પણ થાય છે. તેને ભારતનો 'વિશાળ ઢાળ કે કરાડ' પણ કહેવામાં આવે છે.






પશ્ચિમ ઘાટ હિમાલયા પર્વતમાળા કરતાં પણ પ્રાચીન સમયની છે. ઉત્તરથી દક્ષિણ તરફ જતાં તેની લંબાઈ ૧૬૦૦ કિલોમીટર છે. જયારે તેની પહોળાઈ ૧૦૦ કિલોમીટર જેટલી છે. આમ આ ઘાટ ૧,૬૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા છે. તેના ખડકો સેનોઝોઈક (Cenozoic) કાળના છે. જેમાં બેસાલ્ટ, લેટરાઈટ અને લાઈમસ્ટોન મુખ્ય ખડકોના પ્રકાર છે.


તેના વિશિષ્ટ સ્થાનને કારણે આપણાં દેશના હવામાન અને ચોમાસા પર તેનો વિશેષ પ્રભાવ છે. દક્ષિણ દ્વિપકલ્પ ભાગમાં જૈવ ભૌતિક અને પરિસરીય પ્રક્રિયાઓમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે.

વિશ્વકક્ષાની યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટીફીટ એન્ડ કલ્ચરલ ઓરગેનાઈઝેશન (UNESCO) સંસ્થા દ્વારા પશ્ચિમ ઘાટને રક્ષિત કક્ષા 'વર્લ્ડ હેરીટેઝ સાઈટ - વિશ્વ વિરાસત સ્થળ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. વિશ્વના જૈવવૈવિધતાના સહુથી વધુ ૮ ઉષ્મિત સ્થાનોમાં પશ્ચિમ ઘાટનો સમાવેશ થાય છે. વિશ્વકક્ષાએ આઈ.યુ.સી.એન. સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવતી ભયજનક જાતિઓની રેડ ડેટા બુકમાં પશ્ચિમ ઘાટની ૩૨૫ જેટલી વનસ્પતિઓ અને પ્રાણીઓની જાતિઓ નોંધાયેલી છે જે આ વિસ્તાર કેટલો મહત્ત્વનો અને સંવેદનશીલ છે તેનો નિર્દેશ કરે છે.

પશ્ચિમ ઘાટ ભાગમાં વિશ્વ તથા રાષ્ટ્રીય કક્ષાએ રક્ષિત કરાયેલ વિસ્તારોની કાયદાકીય વ્યાખ્યામાં આવતાં હોય તેવા જેમ કે રાષ્ટ્રીય ઉદ્યાનો, અભ્યારણ્યો, ટાઈગર રિઝર્વસ, એલીફન્ટ રિઝર્વસ, રિઝર્વ ફોરેસ્ટ જેવા ૩૯ જેટલા ભાગો કુદરતી સંપત્તિની કક્ષામાં આવે છે. જેમાં ૨૦ સ્થળો કેરાલા રાજયના, ૧૦ સ્થળો કર્ણાટકા રાજયના, ૫ સ્થળો તામિલનાડુ રાજયના અને ૪ સ્થળો મહારાષ્ટ્ર રાજયના છે.

દુર્લભ જૈવવિવિધતા સભર આ જૈવ ભૌગોલિક વિસ્તાર અતિમહત્ત્વનો છે અને તેની જાણકારી એક મોટી જવાબદારી છે. **(ક્રમશ:)**

# સ્ત્રીની સુંદરતા અને સ્વભાવનું સત્ય : એક પુરૂષની નજરે






સંસારમાં જ્યારથી બ્રહ્માજીએ સ્ત્રીની ઉત્પતિ કરી છે ત્યારથી સ્ત્રી હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. પૃથ્વી પરના પહેલા પુરુષ આદમને બ્રહ્માએ કોઈએ નહી ખાવાની શરતે આપેલું સફરજન અને છતાંય પૃથ્વી પરની પહેલી સ્ત્રી ઈવ દ્વારા એ સફરજન ખાવું અને પછી ત્યારથી આજ સુધી વિશ્વની ૩૦૦થી ૪૦૦ કરોડની વસ્તી સુધી આપણું પહોંચવું એ સ્ત્રી સ્વભાવનું પરિણામ હોવાનું કલ્પી શકાય. સ્ત્રી સ્વભાવના વિવાદ વેદો પુરાણોથી થતા આવ્યા છે. બ્રહ્માએ સ્ત્રીને જેટલી સુંદરતા અને તનની કોમળતા આપી છે એટલી જ સ્વભાવની રહસ્યમયતા અને મનની કઠોરતા પણ આપી છે. અને એટલે જ પેસિફિક મહાસાગરનો તાગ મેળવી શકાય પણ સ્ત્રીના સ્વભાવનો તાગ મેળવવો અશક્ય છે. સ્ત્રીને પ્રેમ અને કરૂણાની મૂર્તિ કહેવામાં આવે છે ત્યાગ અને સમર્પણની સાક્ષાત દેવી માનવામાં આવે છે. તો વળી આ જ સ્ત્રીને સાક્ષાત રણચંડી અને જગતજનની તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે આ બધી તો શાસ્ત્રોક્ત વાતો થઈ. આજના ફેસબૂક અને વોટ્સપના યુગની સ્ત્રીઓનું ચિત્ર કંઈક જૂદું જ છે. મેં જોયું છે કે આજે સમાજમાં સ્ત્રી વિશેની બે ધારાઓ ચાલી રહી છે. બન્ને સાચી હોઈ શકે છે. સ્ત્રી ઘરમાં રહીને બાળકોને ઉછેરે પરિવારને સાચવે કે બહાર રહીને નોકરી કરે — બિઝનેશ કરે... માન્યતા બન્ને પક્ષે રહેવાની, બન્ને સ્થિતિમાં સમાજ તો સ્ત્રી પક્ષે જ રહેવાનો છે.


આજનો સમય સ્ત્રીઓ માટે સૌથી મોટા પરિવર્તનો લાવી રહ્યો છે. આ ૨૧મી સદીની સ્ત્રીઓનો ઈતિહાસ ખુબ જ ખતરનાક રીતે લખાશે. કેમ કે એના નિર્ણયો એવા હશે કે કોઈએ કલ્પના પણ નહી કરી હોય એવો સમય હવે નજીકના ભાવિમાં આવી રહ્યો છે. પણ હાલની પરિસ્થિતિમાં સ્ત્રી બે રીતે પ્રભાવશાળી હોવી જોઈએ એક એની સુંદરતા અને બીજી એના સ્વભાવની સુંદરતા. સ્ત્રી પોતાની સુંદરતા ટકાવી રાખવા યેનકેન પ્રકારે પ્રયત્નો કરે છે. પણ એટલી જ દરકાર પોતાનો સ્વભાવ સુધારવા નથી કરતી. એવું મેં ઘણી જગ્યાએ જોયું છે. કેમ કે આજકાલ જે પ્રત્યેક પરિવારમાં જે કાંઇ પ્રશ્નો બની રહ્યા છે કે બનશે તે બધા પાછળ મુખ્યત્વે તો સ્વભાવ જ રહેલો હોય છે. આજના યુગની એ સૌથી મોટી કરૂણતા છે કે આજકાલ સૌને સુંદર દેખાવું છે સુંદર દેખાતા લોકોનું અનુકરણ કરવું છે પણ પોતાની સામાજિક કે પારિવારિક સ્થિતિનું નિરીક્ષણ નથી કરવું. મોટેભાગે અત્યારની યુવા પેઢી ફિલ્મોના હિરો — હિરોઇનની નકલો કરે છે. છોકરાઓ તો ઠીક છે કે બહારની દુનિયામાં એને બહું નુકશાન નથી જતું પણ છોકરીઓ જ્યારે ફિલ્મોનું અનુકરણ કરીને હિરોઇનો જેવા ખુલ્લા કપડા પહેરીને બહાર નીકળે છે ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. હિરોઈનોને તો પોતાના દેહની સુંદરતા દેખાડવાના કરોડો રૂપિયા મળતા હોય છે. એની આસપાસ એના પોતાના બોડીગાર્ડો હોય છે. ત્યારે એ આવા ટૂંકા વસ્ત્રો પહેરીને બિંદાસ્ત ફરી શકે છે. અને આ સત્યથી અજાણ આજની છોકરીઓ કશુંય વિચાર્યા વિના પોતાના દેહની સુંદરતા કઢંગી રીતે ખુલ્લી કરીને પ્રશ્નો ઊભા કરે છે. સ્ત્રી સ્વાતંત્ર્યની વાતો સારી પણ એ સ્થિતિમાં આવવું ખુબ અઘરું હોય છે. મે તો એ પણ જોયું છે કે સ્ત્રી સ્વાતંત્ર્યની વાતો કરનાર મોટાભાગની સ્ત્રીઓ એકલી જ હોય છે. એમના દાંપત્યજીવન તૂટેલા હોય છે. તો શું દાંપત્યના ભોગે સ્ત્રી સ્વાતંત્ર્ય મેળવવું જોઈએ ? એવો પ્રશ્ન આપણા સામાજિક વિદ્વાનો સામે ઊભો જ છે.

આજકાલની યુવા પેઢીમાં ફ્રેન્ડસ બનાવવાની પણ એક જુની ફેશન ચાલી રહી છે. ફિલ્મ લાઈનના કેટલાંક સત્યોથી અજાણ આજની યુવતી એના મોહપાશમાં એવી જડાઈ જાય છે કે તે પોતાના પરિવારના સભ્યોની અને પોતાની જિંદગી પણ દાવ પર લગાવી દે છે. આજે ૨૧મી સદીમાં આપણે સૌ જીવી રહ્યા છીએ એ પણ સત્ય જ છે પરંતુ સામાજિક અને પારિવારિક મૂલ્યોથી વિશેષ કશું જ નથી એ પણ ના ભૂલવું જોઈએ. આપણા જીવનમાં આવતા મોટાભાગના પ્રશ્નો આપણા જ સ્વભાવને આધારિત હોય છે. કેમ કે આપણો સ્વભાવ જ આપના ભાવિનું નિર્માણ કરતો હોય છે. જો વાતે વાતે શંકા કરવી કે નાની નાની વાતોમાં ઘેર ઝગડા કરવા કે બાળકોને કે ઘરના અન્ય સભ્યોને ટોકવા કે હંમેશાં કોઈપણ વાતને નેગેટિવ રીતે લેવી... આ બધું આપણા અને આપણા સંતાનોના ભાવિ પર ખુબ મોટી અસર કરતું હોય છે. બીજું આજકાલ જે સ્ત્રીઓ કે પુરુષોમાં જોવા મળે છે તે "ઉંમરનું સત્ય" નહી સ્વીકારવાની જીદ. આમ એક રીતે સારી વાત છે પણ જો એ કાર્યના સંબંધે હોય તો... ૬૦/૬૫/૭૦ ગમે તેટલા વર્ષો થાય પણ સતત કામ કરતા રહેવાય તો બરાબર છે પણ મેં ઘણી એવી વ્યક્તિઓ જોઈ છે કે જો આપણે એમને ભૂલથી યે "કાકા" કહી દઈએ તો આપણી ઉપર ગુસ્સે થઈ જાય. સ્ત્રીઓમાં આવા પ્રશ્નો બહું આવતા નથી હોતા. કેમ કે પુરુષો એમની ઉંમર તરફ બહું ધ્યાન આપતા નથી હોતા — પુરુષોની નજર માત્ર સ્ત્રી સૌન્દર્ય તરફ જ રહેલી હોય છે. જો કે સ્ત્રીઓ સંદર્ભે મારું વ્યક્તિગત માનવું છે કે તેમનામાં " સ્વભાવ અને સૌન્દર્ય " બન્ને સાથે હોતા નથી. જો સારું સૌન્દર્ય હોય તો સ્વભાવના પ્રશ્નો હોય છે અને સારો સ્વભાવ હોય તો સૌન્દર્યના પ્રશ્નો હોય છે. અને ક્યાંક બન્ને સાથે હોય તો એ ઘર સ્વર્ગ સમાન છે. પણ એ જે હોય તે આજના યુગમાં હવે સૌન્દર્ય કરતા સ્વભાવનું મૂલ્ય વધુ છે. કેમ કે વ્યક્તિને એનો સ્વભાવ જ આગળ લઈ જાય છે. સ્વભાવથી જ પૈસો કે પ્રતિષ્ઠા મળે છે લોકપ્રિયતા મળે છે. અને આ સારો સ્વભાવ કેળવવો સહેલો પણ નથી કેમ કે એનો સૌથી પહેલો ગુણ સકારાત્મકતા છે. પછી પરિસ્થિતિને અનુરુપ થઈને રહેવાની ક્ષમતા પણ હોવી જોઈએ. જે આજની સ્ત્રીઓમાં કદાચ ઓછું જોવા મળે છે. ઘણી મધ્યમવર્ગની સ્ત્રીઓ એવી હશે કે જેઓ પતિની આવકને ધ્યાનમાં લીધા વિના જ પોતાનું ઘર ચલાવતી હશે. પોતાના અને બાળકોના મોજશોખ પુરા કરતી હશે. અને બહાર પતિ બિચારો નોકરી ઉપરાંત ઓવર ટાઈમ કરીને આ બધું માંડમાંડ પુરુ કરતો હોય છે.

વિશ્વ સાહિત્યમાં સ્ત્રી સુંદરતાના અનેક કાવ્યગ્રંથો લખાયા છે. મહાકાવ્યો લખાયા છે. તો વળી જગતના મોટા મોટા યુધ્ધો પણ સ્ત્રીની સુંદરતા અને સ્ત્રી સ્વભાવને કારણે ખેલાયા છે એ પણ એક સત્ય છે. સ્ત્રી તરફનું આકર્ષણ એક સાહજિક અને ઈશ્વરદત્ત પ્રક્રિયા છે. એમાંથી જગતનો કોઈ પુરુષ બચી શક્યો નથી. જે બચવાનો દાવો કરે છે એ દંભ કરે છે અથવા ખોટું બોલે છે. એટલે કે સંસારનો પ્રત્યેક પુરુષ સ્ત્રીની સુંદરતા કે સ્વભાવનો ભોગ બને છે એવું કહી શકાય ખરું. આ સૌન્દર્ય અને સ્વભાવમાં જો સમજ ભળે તો પ્રત્યેક પરિવારોમાં અને સમાજમાં એક સદભાવનાનું વાતાવરણ સર્જાય કેમ કે સ્ત્રી એક રીતે પરિવાર અને સમાજનો સંસ્કારસ્તંભ છે. પરંતુ આજકાલ સમય બદલાઈ રહ્યો છે. સ્ત્રીની

અનુસંધાન પાના નં. ૭ પર

# અલેપ્પો : વિશાળ કબ્રસ્તાનમાં ફેરવાઈ ગયેલું એક શહેર ...!!!




'હું પૂર્વી અલેપ્પોથી વાત કરી રહી છું, આ કદાચ મારો આખરી સંદેશ છે...મને ખબર નથી કે બીજો સંદેશ આપવા હું જીવતી રહીશ કે નહિ... મને આશ્ચર્ય છે કે હું હજુ જીવું છું...મારા પિતા મૃત્યુ પામ્યા છે અને હું રડી રહી છું...'' ટ્વીટર પર આ મેસેજ મુકનારનું નામ છે બાના અલાબેદ ઉમર : ૭ વર્ષ! પૂર્વી અલેપ્પોથી જ શિક્ષક અબ્દુલ કાફી અલ્હામ્દોનું આ ટ્વીટ વાંચતા આખી દુનિયાની આંખમાં આંસુ આવી ગયેલા. અબ્દુલે લખેલું ''આ જ કયામતનો દિવસ છે, ચારે તરફ વિનાશક બોમ્બ વરસી રહ્યા છે, લોકો ભાગી રહ્યા છે પણ એમને ખબર નથી કે એ ક્યા જઈ રહ્યા છે, બસ મરવાની બીકે ભાગમભાગ થઈ રહી છે, સડકો ઘાયલોથી ભરી પડી છે, લોકો મદદ માટે પોકારી રહ્યા છે પણ કોઈ મદદે આવે એમ છે નહિ, કેટલાયે લોકો કાટમાળમાં દબાયેલા પડ્યા છે પણ કોઈ એને બહાર કાઢે એમ છે નહિ, હવે એ કાટમાળ જ એમની કબર છે...' આવા જ એક લાઈવ વિડીયો સંદેશમાં એક વ્યક્તિ કહે છે કે 'અમે હવે વાતચીતથી થાકી ગયા છીએ, કોઈ આશા બચી નથી, દુનિયાને ખબર જ નથી કે અહી કેવડો મોટો નરસંહાર ચાલી રહ્યો છે, કોઈ અમારું સાંભળતું નથી... આ જુઓ ત્યાં એક બોમ્બ પડ્યો...'' બોમ્બના ધમાકા સાથે જ આ લાઈવ વિડીયો બ્લેન્ક થઈને કટ થઈ જાય છે...!

સમગ્ર માનવજાત કેટલી સ્વાર્થી અને કેટલી એકમેકની દુશ્મન થઈ થઈ શકે છે એનું વરવું, વિનાશક અને ભયાનક દૃશ્ય અત્યારે અલેપ્પોમાં ભજવાઈ રહ્યું છે. આમ તો આ નરસંહાર છેલ્લા પાંચેક વર્ષથી ચાલે છે પણ અત્યારે આ જઘન્ય પ્રકરણ એની ચરમસીમા પર છે. નિ:સહાય અને નિર્દોષ લોકો ખુલ્લેઆમ મોતને ભેટી રહ્યા છે. સવાલ એ નથી કે ફક્ત અલેપ્પોમાં જ આવું થઈ રહ્યું છે, ઈનફેક્ટ આપણે જાણીએ જ છીએ કે દુનિયાના ઘણા બધા પ્રદેશોમાં સરકારો અને વિદ્રોહીઓ સાથે લડાઈઓ થઈ રહી છે અને સરવાળે ભોગ તો નિર્દોષ નાગરીકો જ બની રહ્યા હોય છે પણ અલેપ્પોમાં જે ચાલી રહ્યું છે એ વાંચી, સાંભળી કે જોઈને એક માનવ તરીકે આપણું માથું શરમથી ચોક્કસ ઝુકી જાય. અલેપ્પો ત્રાસવાદ, રાજકારણ અને સત્તાલાલસાનું એક એવું અધમ ઉદાહરણ છે કે જેના વિષે અચાનક જ આખાયે જગતનું ધ્યાન દોરાયું છે અને એ ધ્યાન દોરાવાનું મુખ્ય કારણ કોઈની હાર કે જીત નહિ પણ નિર્દોષોનો થઈ રહેલો નરસંહાર જ છે.

સિરિયામાં છેલ્લા ૪૩ વર્ષથી રાજાશાહીની જેમ સરકાર ચલાવતા બશર અલ અસદ સામે વિદ્રોહીઓએ બળવો પોકાર્યો અને એને સત્તા પરથી ઉથલાવવા વિદ્રોહી જંગ શરુ થયો. છૂટમુટ ચાલતા આ જંગમાં ત્યારે તેજી આવી કે જયારે રશિયાએ સત્તારૂઢ બસરનો જ્યારે કે અમેરિકાએ વિદ્રોહીઓને સાથ આપવાનું શરુ કર્યું. એક રીતે તો ફરી પાછી અમેરિકા વિરુદ્ધ રશિયા જેવું જ વાતાવરણ સર્જાઈ ગયું. સરકાર બાજુ હતા સરકારી સૈનિકોદ, શિયા મીલીટન્ટ, ઈરાન-અફઘાનિસ્તાન-પાકિસ્તાનના લડવૈયાઓ અને આ બધાને સાથ મળ્યો રશિયન એરફોર્સના બોમ્બિંગનો. જયારે સામી બાજુ સુન્ની વિદ્રોહીઓ કે જેમને સપોર્ટ હતો અસદના જ અમુક ખાસ લોકોનો, સાઉદી અરેબિયા, ટર્કી અને અમેરિકાનો. લડાઈ છેલ્લા ચાર વર્ષથી ભીષણ ચાલી રહી હતી જેમાં અલેપ્પો રીતસર બે ભાગમાં વહેચાઈ ગયેલું. વિદ્રોહીઓએ પૂર્વી અલેપ્પો ઉપર જયારે સરકારે પશ્ચિમી અલેપ્પો પર કબજો જમાવેલો.

એકબીજાના ક્ષેત્રો જીતી લેવાની આ લડાઈમાં બીજા વિશ્વયુદ્ધ પછીની સૌથી મોટી તબાહી અલેપ્પોની આ જંગમાં થઈ છે એમ કહીએ તો જરાયે અતિશયોક્તિ નથી. ૨૦૧૧માં અસદ પાસેથી સત્તા છીનવી લેવા આ ગૃહયુદ્ધ શરૂ થયું હતું કે જેને કચડવા માટે સેનાએ વિરોધીઓ પર અનરાધાર ગોળીઓ વરસાવી, તેનાથી સ્થિતિ વધુ બગડી ગઈ અને સમગ્ર સીરિયામાં ક્રાંતિ ફેલાઈ ગઈ. ૬ ટકા વસતી એટલે કે આશરે ૨.૫ લાખ લોકોની આ જંગમાં અત્યાર સુધીમાં કતલ થઈ ગઈ છે અને કરુણતા એ છે કે મોટાભાગના નિર્દોષો જ છે એ ઉપરાંત આશરે એક કરોડ લોકો બેઘર થઈ ગયા છે. ૨૩ લાખની આબાદી ધરાવતું અલેપ્પો સીરિયાનું સૌથી મોટું અને નાણાકીય અને ઔદ્યોગિક કેન્દ્ર ગણાય છે એટલું જ નહિ પણ યુનેસ્કો દ્વારા ઘોષિત અનેકો પુરાતત્વ સ્થળોનું શહેર છે કે જેમાં ૧૩મી સદીમાં બનેલું સિટાડેલ, ૧૨મી સદીમાં બનેલી મસ્જીદ જેવા સ્થળો સામેલ છે. પણ આજે લગભગ આખુયે અલેપ્પો એક ભયંકર કાટમાળમાં ફેરવાઈ ગયું છે. એક સમયનું ખુબસુરત શહેર ઝનૂની માનવોના જીદી અને આતંકી સ્વભાવને પરિણામે ઓલમોસ્ટ ઈંટ અને ચુનાના ખંઢેરમાં ફેરવાઈ ગયું છે. આજે અલેપ્પોનો એરિયલ વ્યુ જુઓ તો દેખાઈ આવે કે એકપણ ઈમારત એવી નથી બચી કે જે સહીસલામત હોય અને એનું કારણ એકમાત્ર હવાઈ હુમલાઓ જ છે કે જે હુમલાઓનું પાપ રશિયા અને અમેરિકા બંનેએ પોતપોતાના સ્વાર્થ માટે કર્યું છે અને જેના માઠા પરિણામો આજે અલેપ્પોના નિર્દોષ નાગરિકો ભોગવી રહ્યા છે.

૨૦૧૧માં અસદ સરકાર સામે બળવો થયો ત્યારે એટલું બધું વિનાશક નહોતું, નાના મોટા હુમલાઓ અને લડાઈઓ ચાલતી હતી પણ જુલાઈ ૨૦૧૨માં અચાનક જ વિદ્રોહીઓએ હુમલાઓ તેજ કરી દીધા. રશિયાની મદદગારી પછીથી અસદની સેનાએ છેલ્લા રીપોર્ટ મુજબ અલેપ્પોના વિદ્રોહીવાળા એરિયાનો કબજો લેવા માંડ્યો છે પણ એની કીમત ત્યાની જનતાને ચૂકવવી પડી રહી છે. ૯૫% અલીપ્પો પર સીરીયન સેનાએ કબજો તો જમાવી લીધો છે પણ હજુ પણ ત્યાં રહેલા અમુક વિદ્રોહીઓને લીધે સરકાર સામાન્ય જનતા પર કહેર વરસાવી રહી છે અને કરુણ વાત એ છે કે પાંચ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા અને હવે નજીકમાં જ કદાચ પૂર્ણ થનાર આ લોહીયાળ જંગનો ભોગ સૌથી વધુ મહિલાઓ અને બાળકો જ બન્યા છે. આમ તો જોવા જાવ તો એક બાજુ ઈરાન અને રશિયા અને બીજી બાજુ ટર્કી અને અમેરિકાનો અહં જ આ લડાઈમાં ભાગ ભજવતો આવ્યો છે. વિદ્રોહીઓ સાથે આઈએસના લડવૈયાઓ પણ હોવાના ઈશારા કરીને રશિયન બોમ્બરોએ જે ઘાતક બોમ્બ વરસાવ્યા એમાં વિદ્રોહીઓની સાથે સાથે હજારો નિર્દોષ નાગરિકો યા તો મોતને શરણ થયા છે યા તો આગળ લખ્યું એમ કાટમાળમાં આખરી ઘડીઓ ગણી રહ્યા છે. ભયંકર વાત તો એ હતી કે આઈએસ એ યુધ્ધમાં રાસાયણિક બોમ્બનો ઉપયોગ કરેલો કે જેના માઠા પરિણામોથી અનેકો લોકો હતાહત થયા.આ લખાય છે ત્યારે ગુરુવારે યુદ્ધવિરામના ભાગ રૂપે અંદાજે ૫૦,૦૦૦થી વધુ લોકોને અલેપ્પોના આ લડાઈવાળા એરિયામાંથી બહાર કાઢવાની કામગીરી શરુ થઈ નથી. પાણી, વીજળી અને ખાસ તો ખોરાકની ભારે તંગી અનુભવતા આ લોકો જાયે તો જાયે કહા એવા વિચારો

અનુસંધાન પાના નં. ૭ પર